BUSINESS મિત્ર

અર્થતંત્રમાં મજબૂતીના અણસારથી શેરબજારમાં તેજી

ઇન્ડેક્સ બેઝડ શેરોની તેજી પાછળ સેન્સેક્સ-નિફ્ટી ચાર મહિનાની ઉંચાઇએ, બેન્ક નિફ્ટી નવી હાઇ પર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 18: સતત ત્રીજા સપ્તાહમાં ભારતીય બજારમાં વૃદ્ધિ ચાલુ રહી છે. એફઆઇઆઇની વેચવાલી અટકી છે અને ખરીદદાર બન્યા હોવાથી શેરબજારને બુસ્ટ મળ્યું છે, તેની સાથે ડીઆઇઆઇનો સતત સપોર્ટ, ફૂડ ઓઇલના ભાવમાં ઘટાડો, ફેડના વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓ વચ્ચે ચાર મહિનામાં સૌથી મોટો સાપ્તાહિક લાભ નોંધાવ્યો. જોકે, યુએસ સરકાર શટડાઉન, યુએસ-ચીન ટ્રેડ તણાવ અને બેન્કિંગ સેક્ટરમાં નવેસરથી ગભરાટની ચિંતા વચ્ચે રોકાણકારો સાવચેત છે. જોકે, જીએસટીના સુધારા બાદ તહેવારી સિઝનમાં ખરીદી વધી હતી, તેમજ ખર્ચમાં પણ વૃદ્ધિ થવા પામી છે. જેમાં ગ્રામીણ ક્ષેત્રમાંથી ખર્ચનું પ્રમાણ વધી રહ્યું હોવાના અહેવાલની પાછળ ભારતીય અર્થતંત્રમાં મજબૂતી જોવા મળી રહી છે, જેના લીધે શેરબજારમાં તેજીનો દોર આગળ વધશે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 1451.37 પોઇન્ટ એટલે કે 1.75 ટકાના વધારા સાથે 83952.19 પોઇન્ટ પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી 424.5 પોઇન્ટ એટલે કે 1.67 ટકાના વધારા સાથે 25709.85 ના સ્તર પર બંધ થયા હતા.

બીએસઈનો લાર્જકેપ ઈન્ડેક્સ 1.5 ટકાના વધારા સાથે બંધ થયો હતો. જેમાં અદાણી પાવર, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડ જનરલ ઇન્શ્યોરન્સ કંપની, નેસ્લે ઇન્ડિયા, એશિયન પેઇન્ટ્સ, વારી એનર્જીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા વધ્યા હતા. જ્યારે ઇન્ફોસિસ, સિમેન્સ એનર્જી ઇન્ડિયા, પોલીકેબ ઇન્ડિયા, વોડાફોન આઇડિયા, ઇન્ડિયન ઓવરસીઝ બેંક, ઇન્ડસ ટાવર્સ, વિપ્રો અને પંજાબ નેશનલ બેંક ઘટ્યા હતા.

વિતેલા સપ્તાહમાં બીએસઇના મિડકેપ ઈન્ડેક્સમાં સપાટ ગતિ જોવા મળી હતી. વ્હર્લપૂલ ઓફ ઈન્ડિયા, ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટી, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, સોના બીએલડબલ્યુ પ્રિસીઝન ફોર્જિંગ્સ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઇનાન્સિયલ સર્વિસિસ, ઓબેરોય રિયલ્ટી, 360 વન ડબલ્યુએએમમાં 6થી 18 ટકાનો વધારો જોવા મળ્યો હતો. યસ બેન્ક, પીબી ફિનટેક, શેફલર ઈન્ડિયા, એમ્ક્યોર ફાર્માસ્યુટિકલ્સ, બંધન બેન્ક, ઓરેકલ ફાઇનાન્સિયલ સર્વિસીસ સોફ્ટવેર, ડિક્સન ટેક્નોલોજીસ, ગો ડિજિટ જનરલ ઇન્શ્યોરન્સ, ગ્લેનમાર્ક ફાર્મા, ટાટા ટેક્નોલોજીસમાં નરમાઇ રહી હતી. બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં 0.6 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. અમલ, મેગેલેનિક ક્લાઉડ, વીએલ ઇ-ગવર્નન્સ અને આઇટી સોલ્યુશન્સ, લોટસ ચોકલેટ કંપની, ધુનસેરી વેન્ચર્સ, વાલચંદનગર ઇન્ડસ્ટ્રીઝમાં 15થી 25 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ શેર ઈન્ડિયા સિક્યોરિટીઝ, સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સ, જીએમ બ્રુઅરીઝ, તત્વા ચિંતન ફાર્મા કેમ, એમટીએઆર ટેક્નોલોજીસમાં 21થી 41 ટકાનો વધારો જોવા મળ્યો છે.

સેક્ટરલ ફ્રન્ટની વાત કરીએ તો નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 4 ટકા, નિફ્ટી કેપિટલ માર્કેટ ઈન્ડેક્સ 4 ટકા, નિફ્ટી એફએમસીજી ઈન્ડેક્સ 3 ટકા, નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 2 ટકા વધ્યા છે. તે જ સમયે, નિફ્ટી મીડિયા ઈન્ડેક્સ 2.7 ટકા, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.8 ટકા, નિફ્ટી મેટલ અને પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 0.5 ટકા ઘટીને બંધ થયા હતા.

ગત સપ્તાહે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના માર્કેટ કેપમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ ભારતી એરટેલ, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક આવે છે. બીજી તરફ ઈન્ફોસિસ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, ઈટર્નલના માર્કેટકેપમાં ઘટાડો જોવા મળ્યો છે.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો સપ્તાહના છેલ્લા ત્રણ સત્રોમાં ચોખ્ખા ખરીદદારો રહ્યા હતા, પરંતુ સમગ્ર સપ્તાહ દરમિયાન તેઓએ 586.76 કરોડ રૂપિયાના શેરનું વેચાણ કર્યું હતું. બીજી તરફ, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ 26માં સપ્તાહમાં પણ તેમની ખરીદી ચાલુ રાખી હતી અને 28044.45 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

ભારતીય રૂપિયો સપ્તાહ દરમિયાન તેની ઓલટાઇમ નીચી સપાટી 80.88ની સપાટીએ પહોંચ્યો હતો, પરંતુ આ નીચી સપાટીથી મજબૂત પુનરાગમન કર્યું હતું, જે જૂનના અંત પછી ડોલર સામે સૌથી મોટો સાપ્તાહિક નફો નોંધાવ્યો હતો. 17 ઓક્ટોબરે ભારતીય રૂપિયો 72 પૈસા વધીને 87.97 પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો, જ્યારે 10 ઓક્ટોબરે તે 88.69 પ્રતિ ડોલર પર બંધ રહ્યો હતો. સપ્તાહ દરમિયાન ભારતીય રૂપિયો 88.80થી 87.69 ની રેન્જમાં ટ્રેડ થયો હતો.

GSTના દરમાં ઘટાડાનો લાભ... ભાવ ઘટાડીને જ આપવો પડે... માલનું વજન વધારવાનો વિકલ્પ અયોગ્ય... નામદાર દિલ્હી હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

તા. 22.9.25થી અમલમાં આવે તે રીતે સરકાર દ્વારા અનેક ચીજવસ્તુઓ પરના GSTના વેરાના દરોમાં મોટા પાયે ઘટાડો કરવામાં આવેલ છે. ત્યારે GSTના વેરાના દરમાં ઘટાડો કરવામાં આવતા માલની કિંમત ઘટાડવાને બદલે માલનું વજન વધારીને કે અન્ય વસ્તુ સાથે એક ચીજ મફત આપવાની યોજના મારફતે ગ્રાહકને ફાયદો તબદીલ કરવાનો વિકલ્પ અયોગ્ય હોવાનું તાજેતરમાં નામદાર દિલ્હી હાઇકોર્ટે શર્મા ટ્રેડીંગ કંપની વિ. યુનિયન ઓફ ઈન્ડિયા-રિટ પી.ડી. નં. 13194/2018ના કેસમાં તા. 23.9.25ના ચૂકાદાથી ઠરાવ્યું છે, જે ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

હકીકત

અરજદાર કંપની હિંદુસ્તાન લીવર લી. સ્ટોકીસ્ટ છે અને ધંધો ડિસ્ટ્રીબ્યુ. તરીકે માલનું વેચાણ કરવાનો છે. બીજી ચીજો ઉપરાંત તેઓ વેસેલીનનું પુનઃ વેચાણ પણ કરે છે. વેસેલીન પરનો વેરાનો દર તા. 14.11.17ના નોટીફીકેશનથી 28 ટકાથી ઘટાડીને 18 ટકા કરવામાં આવેલ. વેપારી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવેલ કે તેમના દ્વારા વેરાના દરમાં ઘટાડો થયેલ હોવા છતાં અગાઉ જેટલી જ વેચાણ કિંમત વસૂલ કરવામાં આવતી હતી. તે ફરિયાદ અંગે નેશનલ એન્ટ્રી પ્રોફીટીઅરીંગ ઓથોરીટી દ્વારા તપાસ કરતા જણાયું કે વેરાના દરમાં ઘટાડો થયેલ હોવા છતાં કંપની તા. 15.11.17થી તા. 7.12.17 સુધીના વેચાણોમાંતેમની વેચાણ કિંમતમાં ઘટાડો કરતા ન હતા. પરંતુ 28 ટકા વસૂલીને જ વેચાણ કિંમત પહેલા જેટલી જ વસૂલવામાં આવતી હતી. ત્યારે જે ગ્રાહકે ફરિયાદ કરેલ તેને GST સહિતની માલની કિંમત પરત કરેલ હોવા છતાં એપ્રો. ઓથોરીટીએ રૂા. 550185 અને તેના પર 18 ટકા લેખે વ્યાજની રકમ કન્ઝયુમર વેલ્ફેર ફંડમાં જમા કરવા હુકમ કરેલ. આ ઉપરાંત કલમ 122 અનુસારની દંડની નોટિસ આપીને દંડ લાદવા હુકમ કર્યો, જે ઓર્ડર સામે કંપની દ્વારા ના. દિલ્હી હાઇકોર્ટ સમક્ષ રીટપીટીશન ફાઇલ કરવામાં આવેલ.

દલીલ...

અરજદારના વિદ્વાન એડવોકેટે દલીલ કરતા જણાવ્યું કે GSTના દરોમાં ઘટાડો કરવામાં આવતા કંપની દ્વારા માલના વજનમાં 100 MLનો વધારો કરવામાં આવેલ અને તેથી જે કિંમત વસૂલવામાં આવી હતી બરાબર હતી.

ચૂકાદો...

ના. દિલ્હી હાઇકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે તેમના મતે ના. સુપ્રીમ કોર્ટના રેકીટ બેનકીસર ઇન્ડિયા પ્રા.લી.ના કેસમાં તા. 29.1.24ના ચૂકાદાથી એન્ટ્રી પ્રોફીટિયરની કલમ 17ની જોગવાઇ બંધારણીય હોવાનું ઠરાવી ના. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું છે કે જથ્થા કે વજનમાં વધારો કરવાથી કે કોઇ યોજના હેઠળ વધારાની ચીજ આપવાથી વેરાના દરમાં ઘટાડાનો લાભ કિંમત ઘટાડાને ગ્રાહકને આપવાની કાયદાની જરૂરિયાત સંતોષાતી નથી.

ના. દિલ્હી હાઇકોર્ટે જણાવ્યું કે જો લાભ થતો હોય તે ગ્રાહકને પહોંચાડવો ખૂબ જરૂરી છે. GSTના દરોમાં ઘટાડો કરવાનો મુખ્ય આશય ગ્રાહકને વસ્તુઓ સસ્તામાં પૂરી પાડવાનો છે. પરંતુ આ આશય માર્યો જશે જો કિંમત બદલા વગર ગ્રાહકનીમાંગણી ન હોવા છતાં કે જાણ ન હોય તેમ વજન વધારવામાં આવે. તો વસ્તુની સાથે અન્ય વસ્તુ મફતમાં આપીને ગ્રાહકને કિંમતમાં ઘટાડો કરીને ફાયદો આપવાની જોગવાઇનું ઉલ્લંઘન કરી શકાય નહીં એમ જણાવી રીટ પીટીશન નામંજૂર કરી અને કંપનીને દોષિત ઠરાવી, તેના પર લાદેલ દંડ કાયમ રાખેલ છે.

શુભેચ્છા...

'કેડી' પ્રેકટીશનર મિત્રોને તથા વાચક મિત્રોને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવે છે. હેપ્પી દિવાળી... હેપ્પી ન્યૂયર.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૩૨૫૦૦
તેજાબી સોનું	૧૩૨૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૨૫૮૭૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૨૯૮૫૦
સોનાનાં બિસ્કીટ	૧૩૨૫૦૦૦
ચાંદી (૯૯૯)	૧૭૦૭૦૦
ચાંદી સિક્કા	૧૭૨૨૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૪૦૦
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦
ગુજરાત	
એમ-30	૪૩૦૦
એસ-30	૪૨૫૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ,,	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ,,	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/કેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૩૦	૭૫ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૯
૮૦/૭૨ રોટો.	૧૨૭.૨૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૨	૮૦/૭૨ રોટો	૧૨૮
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૦	૮૦/૧૦૮ ,,	૧૩૪	૩૦/૩૬ એફડી	---

છેલ્લા છ વર્ષમાં સોનાએ શેરબજારને પાછળ છોડી દીધું

રોકાણકારોને સોનામાં 200 ટકાથી વધુ વળતર, જ્યારે નિફ્ટીમાં 120 ટકાનું વળતર મળ્યું

મુંબઇ, તા. 18: છેલ્લા છ વર્ષમાં સોનાએ શેરબજારને પાછળ છોડી દીધું છે, જે તેના રોકાણકારોને ઉત્તમ વળતર આપ્યું છે. આ મુખ્યત્વે વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા, નાણાકીય નરમાશ અને કેન્દ્રીય બેંકો અને રિટેલ રોકાણકારોની મજબૂત માંગને કારણે છે. નિષ્ણાતો કહે છે કે સોના અને ચાંદીના ભાવમાં વધારાનું મુખ્ય કારણ વૈશ્વિક સ્તરે વધતો વેપાર તણાવ છે, જે ટ્રમ્પના ચીન પર તાજેતરના 100 ટકા ટેરિફને કારણે તીવ્ર બન્યો છે. આ વર્ષે ધનતેરસ પર સોનાના ભાવમાં 5000 રૂપિયાનો ઘટાડો થયો છે, જેના કારણે બજારોમાં વધારો થયો છે. બુલિયન વેપારીઓ આ વર્ષે 35 ટનથી વધુ સોનું વેચવાની અપેક્ષા રાખે છે.

મોતીલાલ ઓસવાલનો રિપોર્ટ દર્શાવે છે કે સોનાના ભાવમાં વધારાને કારણે તેણે લગભગ છ વર્ષમાં 200 ટકાથી વધુનું શાનદાર વળતર આપ્યું છે, જ્યારે નિફ્ટીએ લગભગ 120 ટકાનું વળતર આપ્યું છે. મે 2019થી જૂન 2025 સુધી સોનાના ભાવ 30000 રૂપિયાથી વધીને 10 ગ્રામ દીઠ એક લાખ રૂપિયા થયા હતા.

છેલ્લા છ વર્ષમાં ઘણા પરિબળો સામે આવ્યા છે, જેના કારણે સોનાના ભાવમાં વધારો કરવામાં મદદ મળી છે. પ્રથમ, કોવિડ -19 રોગચાળો, બીજું, રશિયા-યુક્રેન યુદ્ધ, સતત વધતો ફુગાવો, ધીમી વૈશ્વિક આર્થિક વૃદ્ધિ અને આક્રમક કેન્દ્રીય બેંકો દ્વારા સોનાની ખરીદી મુખ્ય કારણો હતા. તાજેતરમાં, અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટેરિફ નીતિઓને કારણે વધતા વેપાર યુદ્ધને કારણે સોના અને ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા છે. ભવિષ્યમાં, ચીન અને યુએસ વચ્ચે વધતા વેપાર યુદ્ધને કારણે ભાવમાં વધુ વધારો થઇ શકે છે.

રિસર્ચ રિપોર્ટ અને વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલના રિપોર્ટ અનુસાર, વર્ષ 2020માં સોનાની કિંમત (24 કેરેટ પ્રતિ 10 ગ્રામ) 48651 રૂપિયા હતી, તે વર્ષ 2024માં 31 ડિસેમ્બરે સોનાની કિંમત 78000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગઇ હતી. વર્ષ 2025માં સોના અને ચાંદીમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. સોનાના ભાવમાં વર્ષમાં 50 ટકાથી વધુનો વધારો થયો છે, જ્યારે દિવાળી અને ધનતેરસમાં ભાવમાં વધારો થવાની સંભાવના છે. 1 ઓક્ટોબર, 2025 ના રોજ, સોનાની કિંમત 117588 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી.

2020થી ઈક્વિટી અને સોના પરના વળતરને જોતા, નિફ્ટીએ 14.90 ટકા વળતર આપ્યું છે, જ્યારે એમસીએક્સ પર સોનાએ 27.97 ટકાનું વળતર આપ્યું છે. વર્ષ 2021માં નિફ્ટીએ 24.12 ટકા, ગોલ્ડમાં 7.21 ટકા, વર્ષ 2022માં નિફ્ટીએ 4.33 ટકા અને ગોલ્ડે 13.90 ટકા, વર્ષ 2023માં નિફ્ટીએ 20.03 ટકા અને ગોલ્ડે આ વર્ષે રોકાણકારોને 15.37 ટકા વળતર આપ્યું હતું. વર્ષ 2024માં નિફ્ટી પર વળતરની ટકાવારી 8.80 હતી અને સોનાનું વળતર વધીને 20.61 ટકા થયું હતું. તે જ સમયે, વર્ષ 2025માં, નિફ્ટીએ 6.12 ટકાનું વળતર આપ્યું હતું અને તે જ સમયગાળામાં, સોનાએ રોકાણકારોને 30.40 ટકા સુધીનું વળતર આપ્યું હતું, હાલમાં જુલાઇ 2025ના અંતથી ઓક્ટોબર સુધીમાં ભાવમાં ઘણો વધારો જોવા મળ્યો છે.

કંપનીઓના સારા પરિણામો સાથે વેલ્યુએશનને વધુ સારૂં થઇ રહ્યું હોવાનો નિષ્ણાતોનો મત

રિન્યુએબલ એનર્જી, સોલાર ઇક્વીપમેન્ટ તથા જવેલરી, ટુરિઝમ સેક્ટરમાં સારા દેખાવની સંભાવના

મુંબઇ, તા. 18: છેલ્લાએક વર્ષમાં બજાર માટે નોંધપાત્ર વળતર મળ્યું નથી. પરંતુ નવા વર્ષમાં બજારનો મૂડ સુધરવાની ધારણા છે. નવા વર્ષમાં કમાણીની થીમ શું હશે, જેમાં કયા ક્ષેત્રો અને શેરો સારી કમાણી કરાવશે, તેની ઉપર નિષ્ણાતના જણાવ્યા અનુસાર નવા વર્ષમાં કોર્પોરેટ કમાણીમાં સુધારો થશે જે છેલ્લા 2 વર્ષથી સપાટ છે. વ્યાજ દર અને જીએસટીના દરમાં ઘટાડો થવાથી અર્થવ્યવસ્થામાં સુધારો થયો છે. યુએસ સાથેના ટેરિફના મુદ્દા પર બજાર નજર રાખી રહ્યું છે. જો અમેરિકા સાથે ટેરિફના કિસ્સામાં સકારાત્મક સુધારો થાય તો બજારની તેજીનું વધુ ટ્રિગર આવી શકે છે. નવા સંવતમાં બજાર સારો વળતર આપશે.

છેલ્લા કેટલાક ક્વાર્ટરમાં ગ્રોથ કંપનીઓમાં સુધારો થયો છે. જોકે, તેમની કમાણીમાં વધારો થયો છે. રિન્યુએબલ એનર્જી, સોલાર ઇક્વિપમેન્ટ, સોલાર એન્જિનિયરિંગ કન્સ્ટ્રક્શન કંપની સેક્ટર પર નજર રાખવી જોઇએ. આ સિવાય જ્વેલરી કંપનીઓ જેવા શેરોનો દેખાવ સારો રહ્યો છે. તે જ સમયે, ટ્રાવેલ અને ટુરિઝમ સેક્ટરમાં, ટ્રાવેલ ઓનલાઇન, બીએલએસ ઇન્ટરનેશનલ, એસવીસીએસ જેવા શેરો ખૂબ સારા દેખાઇ રહ્યા છે. આ બધી કંપનીઓ ઉચ્ચ વૃદ્ધિ ધરાવતી કંપનીઓ છે જે વાજબી મૂલ્યાંકન પર ઉપલબ્ધ છે. અત્યાર સુધીના ત્રિમાસિક પરિણામોને જોતા, મોટા ક્ષેત્રના પરિણામો મિશ્ર રહ્યા છે. ઉદાહરણ તરીકે, બેંક ક્ષેત્ર. એક્સિસ બેંકના પરિણામો બહુ સારા ન હતા, પરંતુ આઇસીઆઇસીઆઇ બેંકના પરિણામો સારા રહ્યા હતા.

જીએસટી ઘટવાથી દૈનિક વપરાશની 30 વસ્તુઓના ભાવમાં અપેક્ષા કરતાં વધુનો ઘટાડો

નવી દિલ્હી, તા. 18 (પીટીઆઈ): છેલ્લા લગભગ એક મહિનામાં સરકાર દ્વારા દેખરેખ રાખવામાં આવેલી 54 દૈનિક ઉપયોગની વસ્તુઓમાંથી 30 વસ્તુઓના ભાવમાં જીએસટી દરમાં ઘટાડા પછી અપેક્ષા કરતાં વધુ ઘટાડો થયો છે, જ્યારે અન્ય વસ્તુઓ માટે સરકાર છૂટક ભાવમાં વધુ ઘટાડો સુનિશ્ચિત કરવા ઉદ્યોગ સાથે મળીને કામ કરશે. સરકારી આંકડા દર્શાવે છે કે, 22 સપ્ટેમ્બરથી તમામ 54 વસ્તુઓના ભાવમાં ઘટાડો થયો છે, પરંતુ 24 વસ્તુઓના કિસ્સામાં વાસ્તવિક ભાવમાં ઘટાડો સરકારના પ્રારંભિક અંદાજ કરતાં ઓછો હતો. સરકારે તેના સેન્ટ્રલ જીએસટી ફિલ્ડ ઓફિસોને ૨૨ સપ્ટેમ્બરથી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના દરમાં ઘટાડો લાગુ થયા પછી માખણ, ઘી, ચીઝ, પાઉડર, સાબુ અને અન્ય ૫૪ સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી વસ્તુઓના ભાવમાં ફેરફાર પર નજર રાખવા કહ્યું હતું. દેશભરના ૨૧ અલગ-અલગ સીજીએસટી ઝોનમાંથી મળેલી માહિતી મુજબ, એસી મશીન, ટીવી સેટ, ટોમેટો કેચઅપ, ચીઝ, સિમેન્ટ સહિત ૩૦ વસ્તુઓના ભાવમાં અપેક્ષા કરતાં વધુ ઘટાડો જોવા મળ્યો છે.

આજનું પંચાંગ

તા. 19/10/2025, રવિવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1947
વીર સંવત : 2551 **માસ :** આસો
તિથિ: વદ: તેરસ:13:૫૨ પછી શિવરાત્રી
અયન : દક્ષિણાયન **ઋતુ :** શરદ
રાષ્ટ્રિય દિનાંક : આસો: 27
યોગ : ઐન્દ્ર **કરણ:** વિષ્ટિ
નક્ષત્ર : ઉ.ફા. 17:50
રાશિ: કન્યા (પ.ઠ.ણ.)
દિવસ : અશુભ કાળી ચૌદસ
સુરતમાં સૂર્યોદય : 06:37 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:11
નવકારસી : 07:25
પારસી વર્ષ : 1395, ખોરદાદ માસનો 06ઠ્ઠો રોજ
મુસલમાન વર્ષ : 1447, રબીઉલ આખર માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ
રાત્રિનાં ચોઘડિયાં: શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભઘ ઉદ્વેગ, શુભ
રાહુ કાળ : સાંજે : 16:30 થી 18:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): જૂના દર્દો પરેશાન કરશે. પડવા-વાગવાથી સાવધાન ખર્ચા વધશે. માનસિક અશાંતિ વધશે. વિવાદ ટાળવો.

વૃષભ (બ.વ.ઉ.): જીવનસાથી સંતાન મિત્રો સાથે મનોરંજન પાર્ટી થાય. મોજ-શોખ-ખાણી-પીણીના ધંધામાં લાભ.

મિથુન (ક.છ.ઘ.): જમીન, મકાન ઓફિસ વગેરેની ખરીદીની યોજના બને. પરિવાર મિત્રોનો સાથ મળે.

કર્ક (ડ.હ.): વિચારોમાં અટવાયેલા રહેવાનું બને. મિત્રો વગેરેની સલાહ લેવી. નોકરી ધંધામાં ટેકનોલોજીનો લાભ મળે.

સિંહ (મ.ટ.): વાણી વ્યવહાર કુશળતા માર્કેટીંગના કામમાં સફળતા અપાવશે. ધીરજ રાખવી. વિવાદ ટાળવો.

કન્યા (પ.ઠ.ણ.): મન અશાંતિ છતાં ક્રિએટીવ રહેવાથી કામ-કાજમાં વિલંબ જોવા મળે. વાહન ધીમે હાંકવું.

તુલા (ર.ત.): અચાનક બિન જરૂરી ખર્ચા આવી પડે. પ્રવાસમાં છેતરાઇ જઇ શકાય. ધાર્મિક પ્રવાસથી શાતિ મળે.

વૃશ્ચિક (ન.ય.): મિત્રો સાથે વિવાદથી અશાંતિ વધે. સંતાન જીવન સાથી સાથે મનોરંજન થાય. આવક માટે નવી તક મળે.

ધન (ભ.ધ.ફ.ઢ.): નવા કામ મળે. સમાજ કે જાહેર જીવનમાં અશાંતિ વધે. વિરોધીઓથી સાવધાન. નોકરીમાં જવાબદારી વધે.

મકર (ખ.જ.): વિદેશનાં કામમાં વિઘ્નો આવે. ઉચ્ચ શિક્ષણ માટે મદદ મળે. ધાર્મિક પ્રવાસનું આયોજન થાય.

કુંભ (ગ.સ.શ.ષ.): આંખની કાળજી રાખવી પડવા-વાગવાથી સાવધાન. આવક વધારવા માટે વડીલોની મદદ મળે.

મીન (દ.ચ.ઝ.થ.): ઘરમાં આવન-જાવનથી અશાંતિ પેદા થાય. રોજના કામમાં વિલંબ થાય. શુભ-સમાચાર મળે.

કોઈ પણ સાલમાં 19 ઓક્ટોબરે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહની સાથે જવાબદારી અને ચડતી-પડતીનો અનુભવ વધુ કરાવશે. નવા ફેરફાર બોજ વધારે. સ્થાન ફેરથી અશાંતિ પેદા થાય. આર્થિક બાબતે સામાન્ય રહે. નોકરી-ધંધા વગેરેમાં ટેકનોલોજી અને નવી નિતી પ્રમાણે કામ કરવું પડે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધે. સમાજમાં અશાંતિ અને કુટુંબની અપેક્ષાઓ વધે. ઉમર લાયકને યોગ્ય પાત્ર મળે. નવા, ઘર, વાહન, મકાન બાબતે વડીલોની મદદથી પ્રગતિ થાય. સંતાનોના કામમાં મિત્રોનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં પરિવારનો સાથ મળે. વારસા, જાયદાદ, જમીનના કામમાં વિઘ્નો આવે. વિદ્યાર્થીઓની મહેનત વધે. વિદેશના કામ ધીમા પડે. પ્રેમ વિવાહમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉઘરાણી અટકે. યાત્રા પ્રવાસ, ધર્મ કર્મથી શાંતિ મળે. જુલાઇ-ઓગસ્ટમાં નવી યોજના પાર પડવાથી શાંતિનો અનુભવ થાય. નવેમ્બર-ડિસેમ્બરમાં આરોગ્યના ખર્ચા વધશે.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

કમરનો દુખાવો

લસણની સાત થી દસ કળીઓ છોલી, કાપી લો. બે ચમચી ઘી માં ધીમા તાપે સહજ રંગ બદલાય ત્યાં સુધી તળો. બપોરે, રાત્રે તમારા ભોજનમાં આનો ઉપયોગ કરો. સ્વાદિષ્ટ હોય છે. મીઠું ઉમેરી શકાય.

FIT INDIA

સુરત મહાનગરપાલિકા
જાહેર નોટીસ

વહીવટદારશ્રી (સ્થાયી સમિતિ)ના હુકમ નં.૯૮૮(૧), તા.૨૩/૯/૧૯૭૪ થી મંજુર કરવામાં આવેલ સહારાગેટ થી દિલ્હીગેટ થઇ લાલ દરવાજા થી ગોટાલાવાડી વળાંક સુધીના રોડ ઉપર ૧૫૦' ની રસ્તારેખા પૈકી વોર્ડ નં.૦૭, નોંધ નં. ૨૮૬, ૨૮૭ તથા ૨૮૮, ટી.પી.સ્કીમ નં. ૦૧(લાલ દરવાજા), ફા.પ્લોટ નં.૦૨ વાળી મિલ્કતના વળાંક વાળા ભાગમાં રસ્તારેખામાં ફેરફાર કરવા બાબત.

આથી ધી બી.પી.એમ.સી.એક્ટ ૧૯૪૯ ની કલમ -૨૧૦ (૧) (બી) મુજબ જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની તા.૦૯/૧૦/૨૦૨૫ ના રોજ મળેલ સભામાં ઠરાવ નં.૧૯૨૩/૨૦૨૫ થી વહીવટદારશ્રી (સ્થાયી સમિતિ)ના હુકમ નં.૯૮૮(૧), તા.૨૩/૯/૧૯૭૪ થી લીલા રંગથી દર્શાવેલ મંજુર કરવામાં આવેલ સહારાગેટ થી દિલ્હીગેટ થઇ લાલ દરવાજા થી ગોટાલાવાડી વળાંક સુધીના રોડ ઉપર ૧૫૦' ની રસ્તારેખા પૈકી વોર્ડ નં.૦૭, નોંધ નં. ૨૮૬, ૨૮૭ તથા ૨૮૮, ટી.પી.સ્કીમ નં. ૦૧(લાલ દરવાજા), ફા.પ્લોટ નં.૦૨ વાળી મિલ્કતના વળાંક વાળા ભાગમાં રસ્તારેખામાં ફેરફાર કરવાનું ઠરાવવામાં આવેલ છે. ઉપરોક્ત ઠરાવથી નીચે જણાવેલ નોંધ નંબરોની મિલકતોને અસર થાય છે.
સીટી સર્વે વોર્ડ નં.૦૭, નોંધ નં. ૨૮૬, ૨૮૭ તથા ૨૮૮,
ટી.પી.સ્કીમ નં. ૦૧(લાલ દરવાજા), ફા.પ્લોટ નં.૦૨

આ નોટીસથી સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તાર